# ઃ ફરીયાદ પક્ષની કેસ વીડ્રો કરવાની પુરસીસ હેઠળ હુકમ ઃ

આ કામમાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદના તા.૦૨/૦૯/૨૦૨૧ ના પત્રક્રમાંક–ડીસી./સીટીઝેડ/ઈન્ડ.એન્ડ લેબર કોર્ટ /લોક અદાલત/ડોરમેટ કેસ પરત/૨૦૨૧ ના હુકમ તથા નિયામકશ્રી ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી અમદાવાદના પત્રક્રમાંક–ડીઆઈએસએચ/એ–કાયદા/૨૦૨૧/૧૩૦૧ તા.૦૯/૦૯/૨૦૨૧ ના પત્ર અનુસંધાને આજરોજ અત્રેની કોર્ટમાં ફેક્ટરી ઈન્સપેક્ટરશ્રી એન.એ.પટેલ, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી હાજર થયેલ છે અને તેઓએ હાલનો કેસ વેરીફાઈ કર્યા બાદ આ વિડ્રો પુરસીસ રજુ કરેલ છે.

તેઓની આ વીડ્રો પુરસીસ અનુસંધાને કેસ રેકર્ડ વંચાણે લીધું. હાલનો કેસ જોવામાં આવે તો તે મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ દાખલ થયેલ હતો અને ત્યારબાદ નામ.હાઈકોર્ટ દ્વારા ક્રી.પ્રી.કોડની કલમ ૧૧(૩) અન્વયે લેબર જયુડીશીયરીમાં ડેપ્યુશન ઉપર ફરજ બજાવતા સિવિલ જજીસને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ના પાવર્સ લેબર લોઝ સંદર્ભેના ભંગ અન્વયેના ક્રિમીનલ કેસો ચલાવવા માટે નોટીફીકેશન નં.એ.૩૬૦૮/૨૦૧૫ થી સુપ્રત કરવામાં આવતાં, હાલનો કેસ અન્ય બીજા કેસો સાથે મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટમાંથી તબદીલ થઈને લેબર કોર્ટ અમદાવાદ ખાતે આવેલ અને ત્યારબાદ અત્રેની કોર્ટને હાલનો કેસ સુપ્રત કરવામાં આવેલ.

હાલનો કેસ જોવામાં આવે તો આ કેસ ખુબ જ જુનો છે અને લાંબા સમયથી આરોપીને સમન્સ / વોરન્ટ કરેલ હોવા છતાં બજી શકેલ નથી. ત્યારબાદ હાલનો કેસ ડોરમેટ ફાઈલ ઉપર મુકવાનો હુકમ કરવામાં આવેલ. આમ, રેકર્ડ જોતાં આરોપીને પ્રોસેસ બજવણી કરવા માટેના પુરતાં અને વ્યાજબી પ્રયત્નો કરેલ હોવા છતાં પ્રોસેસની બજવણી થઈ શકતી નથી અને તે સંજોગોમાં ફરીયાદ પક્ષ હાલના કેસમાં આરોપીની હાજરી ટ્રાયલ દરમિયાન સુનિશ્ચિત કરી શકતી નથી અને આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી કોઈ જ શક્યતા જણાતી નથી. આમ, હાલનો કેસ ઘણો જ જુનો હોઈ તેથી હવે આરોપીની ગેરહાજરીમાં ઈન્સાફી કાર્યવાહી આગળ વધારવી ઘણી જ મુશ્કેલ જણાતી હોઈ તેમજ આ કેસ ડેડવુડ સમાન હોઈ જેમાં કોઈપણ પ્રકારની અસરકારક કાર્યવાહી થઈ શકે તેમ નથી. વધુમાં આ પ્રકારના ડેડવુડ કેસને કારણે ઈફેક્ટીવ પ્રકારના ફોજદારી અને સિવિલ કેસોની કાર્યવાહી પાછળ કોર્ટ પુરતાં પ્રમાણમાં ધ્યાન આપી શકતી નથી. તે સંજોગોમાં હાલના કેસમાં હવે ઈફેક્ટીવ ન્યાયિક કાર્યવાહી થઈ શકે તેવા કોઈ જ સંજોગો જણાતા નથી. ત્યારે ફરીયાદ પક્ષ તરફેથી ઉપરોક્ત વિગતે દર્શાવેલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ અને નિયામકશ્રી ઔધોગિક સલામતિ અને સ્વાસ્થ્યની કચેરી,અમદાવાદ ના પત્રો અનુસંધાને ક્રી.પ્રી.કોડની કલમ ૩૨૧ અન્વયે રજુ કરેલ વિડ્રો પુરસીસ સંદર્ભે ઉપરોક્ત જણાવેલ કારણો ધ્યાને લેતાં અને તે સંદર્ભેના શુભ આશય સાથે આ કેસની ઈન્સાફી કાર્યવાહી બંધ કરવાનું વ્યાજબી અને ન્યાયોચિત જણાતું હોઈ જેથી હાલનો કેસ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. વધુમાં હાલના કેસના આરોપીને ફરીયાદમાં દર્શાવેલ ગુનામાંથી ક્રી.પ્રો.કોડની કલમ ૩૨૧(એ) ની જોગવાઈ મુજબ ડીસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં આવે છે અને તે મુજબ હાલનો કેસ ફેંસલ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં સહી કરી જાહેર કર્યો.

તા.૧૧/૦૯/૨૦૨૧
સ્થળ–અમદાવાદ

**(પરવેઝઅહેમદ અલીમોહંમદ માલવીયા)**
CODE : GJ00837
એડીશનલ ચીફ જયુડીશીલ મેજીસ્ટ્રેટ
ન્યાયાધીશ (સીનીયર ડીવીઝન)
લેબર કોર્ટ,અમદાવાદ